<u>પત્રક-૧</u>

'પીજીવીસીએલ વિભાગીય કચેરી લોક દરબાર - ૨૦૧૮'

વિભાગીય કચેરી : નખત્રાણા , વર્તુળ કચેરી : ભુજ , તારીખ : **11/03/2018**, સમય : **10:00**

નિરાકરણ કરનાર અધિકારીશ્રીનું નામ અને મોબાઇલ નંબર : શ્રી એમ. કે. વોરા કાર્યપાલક ઇજનેર પીજીવીસીએલ નખત્રાણા કચ્છ મો. ૯૬૮૭૬૬૨૦૪૧

રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા : **17**, નીતિ વિષયક પ્રશ્નોની સંખ્યા : **0**, નિકાલ પ્રશ્નોની સંખ્યા : **17**, પ્રગતિ હેઠળ પ્રશ્નોની સંખ્યા : **0**

| ક્રમ | રજુઆતકર્તાનું નામ | પ્રશ્નની વિગત | લોક દરબારમાં આપેલ જવાબ | અદ્યતન જવાબ | નિકાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| **1** | વીરજી લાલજી જબુવાણી - કાદીયા મોટા , તા. નખત્રાણા મો. ૯૪૨૭૭૬૧૫૫૧ | અરજદારશ્રી ના વીરજી લાલજી જબુવાણી ગ્રા. નં. ૮૬૦૩૦/૦૦૨૬૫/૩ ના વીજ જોડાણ નુ જર્જરીત ટીસી સ્ટ્રક્ચર બદલવા બાબત | ઉપરોક્ત અરજદારની અરજી ના અનુસંધાને સ્થળ મોજણી કરીને જર્જ રીત **DP** સ્ટ્રક્ચર બદલવા માટે નો જરૂરી પ્રોજેક્ટ નંબર ૨૦૯૧૯૩ થી બનાવેલ છે. જેને સક્ષમ કચેરી થી મંજુરી મેળવી ૧૫ મી એપ્રિલ સુધીમાં આ કામ પૂર્ણ કરવાં આવશે. | આજે રોજ તારીખ ૧૦-૪-૧૮ નાં રોજ જર્જ રીત **DP** સ્ટ્રક્ચર બદલવાનુ કામ પૂર્ણ કરી નાખેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **2** | શાંતિલાલ કાનજી કેશરાણી મુ. પો. નખત્રાણા મો. ૯૪૨૭૪૩૩૪૬૩ | અરજદારના પિતાશ્રી કાનજી હંસરાજ કેશરાણી નો ખેતીવાડી વીજ જોડાણ ગ્રા. નં. ૮૬૧૫૬/૧૦૦૧૬/૪ માં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ના ચુકાદા પ્રમાણે વળતર ની રકમ જમા થવા અંગે. | ખેતીવાડી ના ૫૦% વળતર જમા કરવા માટે **E-URJA BILLING SYSTEM** નો ૫૩ નંબર નો કોડ (સરકારી રાહત/ વળતર) **CGRF** ના ચુકાદા ના સમયથી જ બંધ હોવાથી અરજદારને વળતર (રીલીફ) આપી શકાય તેમ નથી. સદર બાબત જે તે સમયથી જ ઉપલી કચેરીમાં પડતર છે. જેનો યોગ્ય નિર્ણય આવ્યેથી આ પ્રશ્ન નુ નિવારણ આવશે. હાલમાં ખાતામાં બિલ બાકી હોવાથી , નામ બદલી, લોડ વધારો, ઘટાડો વગેરે કામ થી શકતા નથી તો અરજદાર વાંધા સાથે આ રકમ ભરેતો નામ બદલી નુ કામ કરી આપવાના આવશે તથા ભવિષ્યમાં યોગ્ય નિર્ણય આવ્યે આ રકમ વળતર આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | રૂ. ૯૬૬૮.૦૦ ઉપરોક્ત ગ્રાહકશ્રી ના ખાતામાં ખેતીવાડી ની વળતરની રકમ જમા અપાયેલ છે. | નિકાલ<br>રેવેન્યુ / બીલ |
| **3** | શાંતિલાલ કાનજી કેશરાણી મુ. પો. નખત્રાણા મો. ૯૪૨૭૪૩૩૪૬૩ | ઉપરોક્ત અરજદારના ખેતીવાડી માંથી પસાર થતી | નખત્રાણા પેટા વિભાગીય કચેરી ના ૬૬ કેવી નખત્રાણા સબ સ્ટેસન માંથી પીયોણી **AG** ફીડર નીકળે છે. હાલમાં **PGVCL** માં **SKJY** સ્કીમ માં ખેતીવાડી વીજ ફીડરો ના વાયરો બદલવાનું કામ ચાલુમાં છે. વર્ષ ૨૦૧૮-૧૯ ના લક્ષ્યાંક માં પીયોણી ખેતીવાડી વીજ ફીડર ને સિલેક્ટ કરી જરૂરી મંજુરી સક્ષમ કચેરીએ થી મેળવી આગામી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં જરૂરી સમારકામ તથા જર્જ રીત વાયરો બદલવાનું કામ પૂરું કરવામાં આવશે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **4** | શાંતિલાલ ગોપાલ નાચાણી - વિથોણ, તા. નખત્રાણા-કચ્છ મો. ૯૪૨૮૮૯૬૯૮૩ | નખત્રાણા પેટા વિભાગીય કચેરીમાં **POS** મશીનની સુવિધા આપવી | નખત્રાણા પેટા વિભાગીય કચેરી માટે **POS** મશીન લેવા માટેની માંગણી મુકેલી છે. સલગ્ન બેક તરફથી નાં વાંધા પ્રમાણપત્ર મળ્યા બાદ આ મશીન ઉપલબ્ધ કરાવવા માં આવશે. | હાલ **GUVNL** દ્વારા **SBI** તથા **BOI** ના જ **PoS** મશીન ઉપલબ્ધ કરાવેલ છે. નખત્રાણા સબ ડીવીઝનમાં **BOB** ના **PoS** મશીન પણ ઉપલબ્ધ કરાવવા માટે **GUVNL**ને પત્ર ન. પીજીવીસીએલ/એકાઉંટ/કેશ/૩૯૪, તા. ૦૪/૦૪/૧૮ થી સાદર ભલામણ કરેલી છે. | નિકાલ<br>રેવેન્યુ / બીલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **5** | શાંતિલાલ ગોપાલ નાચાણી - વિથોણ, તા. નખત્રાણા-કચ્છ મો. ૯૪૨૮૮૯૬૯૮૩ | એસ્ટીમેટ માટે ડ્રાફ્ટ ની જગ્યાએ ચેક સ્વીકારવો | હાલના સંજોગોમાં ખેડૂતો તથા ગામડાના અરજદારો ચેક સિસ્ટમ થી સંપૂર્ણ વાકેફ ન હોવાથી ચેક બાઉન્સ ની ઘટનાઓ બને છે. જે ગુનાહિત કૃત્ય તરીકે પ્રસ્થાપિત થાય છે. તેમજ ભાવપત્રક નાં નાણા ભરપાઈ થયા બાદ ચેક બાઉન્સ થવાથી વીજ જોડાણ આપવાની પ્રાયોરીટી માં પણ સમસ્યા સર્જાય છે. તેમજ હાલમાં ૧૦૦૦૦ રૂપિયા થી વધુ રોકડ સ્વીકારવાની મનાઇ હોવાથી ચેકની જગ્યાએ ડીમાંડ ડ્રાફ્ટ નો આગ્રહ રાખવામાં આવે છે. | | નિકાલ<br>રેવેન્યુ / બીલ |
| **6** | શાંતિલાલ ગોપાલ નાચાણી - વિથોણ, તા. નખત્રાણા-કચ્છ મો. ૯૪૨૮૮૯૬૯૮૩ | ખેતીવાડી અરજદારોને રજી. એડી. થી ભાવ પત્રક મોકલવું | ખેતીવાડી ના નવા વીજ જોડાણ , લોડ વધારા, શીફ્ટીંગ ના વગેરે ભવ પત્રક અરજદાર દ્વારા દર્શાવેલા સરનામાં ઉપર રજી. એડી. થી જ મોકલવામાં આવે છે. | | નિકાલ<br>નવા કનેકશન |
| **7** | શાંતિલાલ ગોપાલ નાચાણી - વિથોણ, તા. નખત્રાણા-કચ્છ મો. ૯૪૨૮૮૯૬૯૮૩ | વિથોણ હદ કેવી પસાર થતા દેવીસર **AG** ફીડર ના જર્જ રીત થાંભલા વાયરો બદલાવીને જરૂરી સમારકામ કામ કરવું. | પીજીવીસીએલ કંપનીની **SKJY** યોજના હેઠળ ખેતીવાડી વીજ ફીડર ના જર્જ રીત વીજ વાયરો બદલવાનું કામ હાલમાં ચાલુ માં છે. વર્ષ ૨૦૧૮-૧૯ ના લક્ષ્યાંકમાં દેવીસર વીજ ફીડર ને સિલેક્ટ કરીને જરૂરી મંજુરી સક્ષમ કચેરી એ થી મેળવીને આગામી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં આ કામ પૂર્ણ કરવામાં આવશે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **8** | લોહાર સિધિક નાથા- સરપંચશ્રી, આમારા ગ્રામ પંચાયત મો. ૯૭૩૭૧૪૦૩૫૪ | આમારા ગામે નવાવાસ વિસ્તારમાં આવેલ ૬૦ જેટલા ઘરોમાં લો-વોલ્ટેજ ની સમસ્યા અંગે. | આ વિસ્તારના ટોટલ ૬૦ જેટલા મકાનોમાં ટોટલ ૭ જેટલા હળવા દબાણના ગાળામાં એક ફેઇઝ થી વીજ પુરવઠો આપવામાં આવતો હતો. જે હવે થ્રી ફેઇઝ એલ.ટી. એબી કેબલ નાખીને ત્રણ ફેઇઝ માં લોડ વિભાજન કરેલ છે. લો-વોલ્ટેજ ની સમસ્યા નું સમાધાન કરેલ છે. | | નિકાલ<br>અનિયમિત પાવર સપ્લાય સંબધિત |
| **9** | લોહાર સિધિક નાથા- સરપંચશ્રી, આમારા ગ્રામ પંચાયત મો. ૯૭૩૭૧૪૦૩૫૪ | આમારા ગામ મધ્યે નવા વાસ વિસ્તારમાં રોડ લાઇટ નુ મંજુર થયેલ કામ પૂર્ણ કરવા અંગે. | આમારા ગામ મધ્યે નવાવાસ વિસ્તારમાં રોડ લાઇટ નુ ભાવ પત્રક તા. ૪/૧૦/૧૭ ભરેલું છે. જેમાં કુલ ૧૨ ગાળા નો રોડ લાઇટ નો વાયર ખેંચીને આ કામ પૂર્ણ કરેલ છે. | | નિકાલ<br>સ્ટ્રીટ લાઇટ |
| **10** | લોહાર સિધિક નાથા- સરપંચશ્રી, આમારા ગ્રામ પંચાયત મો. ૯૭૩૭૧૪૦૩૫૪ | આમારા વિસ્તારમાં મફત નગર હરીજન વિસ્તારમાં જર્જ રીત થાંભલો બદલવા કામે. | આ જર્જ રીત વીજ થાંભલો બદલાવી ને કામ પૂર્ણ કરી નાખેલ છે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **11** | લોહાર સિધિક નાથા- સરપંચશ્રી, આમારા ગ્રામ પંચાયત મો. ૯૭૩૭૧૪૦૩૫૪ | અમારા ગામના વોંડ નંબર -૬ માં જુના વીજ વાયરો બદલવા કામે | આમારા ગામમાં વોંડ નંબર -૬ માં જરૂરી મોજણી કરતા કુલ-૭ ગાળાના એલ.ટી. લાઇનના વીજ વાયરો બદલવાના થાય છે. જેના જરૂરી પ્રોજેક્ટ નંબર ૧૪૭૧૦૯ ડીડીયુ જીજેવાય માં મંજુર થયેલ છે. ને આ કામ ૩૧-માર્ચ પહેલા પૂરું કરવામાં આવશે. | આમરા ગામ ના વોંડ નં ૬ માં કુલ ૭ ગાળા નાં જર્જરિત હળવા દબાણનાં વિજ વાયરો બદલવિ ને આ કામ તા ૨૭/૦૩/૨૦૧૮ના રોજ પુરુ કરી નાખેલ છે. અરજદારા ના પ્રશ્ન નું નીરાકરણ કરેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **12** | જીવરાજ ધનજીભાઇ નાકરાણી - મુ. પો.નેત્રા તા. નખત્રાણા મો. ૯૪૨૬૩૬૬૬૬૨ | અરજદારના ખેતરમાં ૧૯૮૮ ના રોજ નાખવામાં આવેલી નડતર રૂપ વીજ લાઇન દુર કરવામાં આવે તેવી માંગણી | અરજદારના ખેતર માંથી ૧૯૮૮ માં રવાપર થી રામપર ખેતી વાડી ની વીજ લાઇન નાખવામાં આવેલ જે હાલમાં રામપર ખેતીવાડી ફીડર તરીકે ઓળખાય છે. અરજદારના ખેતરમાં હાલમાં એક ડબલ પોલ સ્ટ્રક્ચર તથા બે થાંભલા એમ ટોટલ ૧૬૦ મીટર વીજ લાઇન આવેલી છે. આ વીજ લાઇન નું કામ કંપની નાં નિયમ મુજબ કરેલ હતું. હાલમાં આ રામપર વીજ ફીડર ના વીજ વાયરો બદલવાનું કામ **SKJY** યોજના હેઠળ ચાલુમાં છે. અરજદારના ખેતરમાં મગફળી નો પાક હોવાથી તે સેક્સન માં કામ થઇ શકેલ નથી. પાક નીકળ્યા બાદ તે ૧૬૦ મીટર લંબાઇના ગાળાના વાયરો બદલાવીને જરૂરી સમારકામ પૂર્ણ કરવામાં આવશે. | સદર લાઇન અરજદાર નાં ખેતર માં આશરે ૧૯૮૮ પહેલા થી નાખવા માં આવેલ છે,જે હાલમાં રામપર એજી ફીડર તરીકે ઓળખાય છે. આ લાઇન ઇંડિયન ઇલેક્ટ્રીસીટી એક્ટ ૨003 નાં પેટા કલમ ૧૬૪ (જુનો ટેલીગ્રાફ એક્ટ) મુજબ મળેલ સતાની રૂએ ઉભી કરવામાં આવેલ છે. આથી આ લાઇન નું વળતર મળવા પાત્ર નથી આમ છતાં તમો આ લાઇન ખસેડવા માંગતા હોય તો રવાપર પેટા વિભાગીય કચેરીનો સંપર્ક સાધવા વિનંતી તાંત્રિક રીતે જો શક્ય હશે તો આ માટે નો નિયત ખર્ચ ભરપાઇ કર્યા બાદ આ લાઇન ખસેડવા ની કામગીરી હાથ ધરવામાં આવશે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **13** | માધવ જોશી- અધ્ક - મુ. પો.નારાયણ સરોવર મોં. ૯૪૨૭૭૬૦૭૦૩ | પરમાનંદ હીરજી જોશી નામના વ્યક્તિ ના મકાનમાં તેની જાણ બહાર તેની સહી કરીને ગેરકાયદેસર વીજ જોડાણ લઇને છેતરપિંડી કરવા બાબત તથા તે અંગે ના આનુસંગિક દસ્તાવેજો પુરા પાડવા બાબત. | દયાપર પેટા વિભાગીય કચેરી માં હીરજી જોશીના નામનું વીજ જોડાણ ગ્રા. નં. ૮૬૭૨૧/૦૦૧૪૯/૭ થી આપવામાં આવેલ.સદર વીજ જોડાણ ૨૧/૦૯/૧૯૯૬ નાં રોજ ચાલુ થયેલ. ઉપરોક્ત વીજ જોડાણમાં જે તે વખતે અરજદાર દ્વારા રજુ થયેલ દસ્તાવેજો (**A1** ફોરમ, મકાનનો દાખલો વગેરે) હાલમાં કચેરીના રેકર્ડ માં ઉપલબ્ધ નથી. જે તે વખતે જીઇબી ના નિયમ મુજબ વીજ જોડાણ ચાલુ કરેલ. બાદમાં અરજદાર શ્રી પરમાનંદ હીરજી જોશી દ્વારા આ વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરવા માટે તા. ૦૭/૧૧/૨૦૧૭ નાં અરજી કરવામાં આવતા વીજ મીટર તથા સર્વિસ વાયર ઉતારી રેકર્ડ ઉપર આ વીજ જોડાણ કાયમી રીતે રદ કરી નાખેલ છે. હાલમાં આ વીજ જોડાણ નાં ઓરીજીનલ દસ્તાવેજો ઓફીસ રેકર્ડ માં ન હોવાથી અરજદારને પાઠવી શકાય તેમ નથી. | | નિકાલ<br>જનરલ માહિતી |
| **14** | મહેન્દ્રસિંહ ભેરૂભા ચુડાસમા- પ્લોટ નં. ૯૫/૧ લીમડા શેરી-૭ , ભુજ-કચ્છ મો. ૯૪૨૭૨૦૮૬૩૯ | અરજદાર દ્વારા તા. ૨૧/૧૨/૧૬ ના રોજ વાગોઠ ગામે નવું ખેતીવાડી વીજ જોડાણ માંગેલ છે. તે મેળવવામાં સમયગાળો ખુબ વિલંબ હોઇ તે અંગે માહિતી મળવા બાબત. | જય ભારત સહ જણાવવાનું કે તમરો પ્રશ્ન ખુબ લાંબો તેમજ મહદઅંશે નીતિવિષયક છે. આમ છતાં તમોએ તા. ૨૧/૧૨/૧૬ ના રોજ અરજી કરેલ છે. તો તે બાબતે જણાવવાનુ કે હાલમાં નલીયા પેટા વિભાગીય કચેરી ૨૦૧૩ સુધીની અરજીઓના વીજ જોડાણ અપાઇ ગયેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટોટલ ૧૬૩ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો નો લક્ષ્યાંક અપાયેલ છે. તમારો અનુક્રમ નંબર હાલ ની પડતર અરજી ઓ માં ૨૫૨ છે. આમ, વર્ષ ૨૦૧૮-૧૯ માં તમારો સમાવેશ થઇ શકે તેમ નથી. આમ છતાં તેના પછીના વર્ષ માં તમને વીજ જોડાણ મળે તેવી શક્યતા છે ખેતીવાડી વીજ જોડાણો ના લક્ષ્યાંક સરકાર શ્રી તરફથી જે તે કચેરીઓમાં પડતર અરજીઓની સંખ્યાના આધારે ફાળવવામાં આવતા ફંડ નાં આધારે આપવામાં આવે છે. | | નિકાલ<br>નવા કનેકશન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **15** | અશોક ડી. મહેશ્વરી,- સપના નગર -ગાંધીધામ-કચ્છ. મો. ૯૯૭૮૯૧૯૭૫૩ | સુથરી ખેતીવાડી ફીડરમાં નવું એલ.એસ.ટી.સી. ટ્રાન્સર્ફોમર ચાલુ કરવા તેમજ ૧૫ જેટલા ખેડૂતોએ નવા સિંગલ ફેઇઝ વીજ જોડાણ ની અરજીઓ કરેલ છે. તેમને અરજીઓ ની કાર્યવાહી કરવા બાબત. | આગાઉ તમારું ફીડર (ખુડો એજી ફીડર) કોઠારા **S/S** માંથી આવેલ હતું ત્યારે તેના એલ.એસ.ટી.સી. ટ્રાન્સર્ફોમર ચાલુ હતું ફીડર નો લોડ વધી જતા તમારું નવું સુથરી ખેતીવાડી ફીડર સાંધાણ **S/S** માંથી ચાલુ થયેલ છે. હાલમાં તમારા ફીડરમાં ચાર જ લાઇટીંગ વીજ જોડાણ આવેલા છે. તેમજ નવી કોઇ સિંગલ ફેઇઝ લાઇટીંગ ની અરજીઓ કોઠારા પેટા વિભાગીય કચેરી માં નોંધાયેલ નથી જેની નોંધ લેશો. આમ છતાં કંપની ની હાલની નીતિ મુજબ બધા ખેતીવાડી ફીડર ને એલ.એસ.ટી.સી. કરવાનું છે તે મુજબ તમારા ફીડર માં એલ.એસ.ટી.સી. ચાલુ કરીને સિંગલ ફેઇઝ વીજ સપ્લાય આપવાનું કામ ૩૧ માર્ચ પહેલા પૂરું કરવામાં આવશે જેની નોંધ લેશો. | એલએસ ટીસી ટ્રાંસ્ફોમર તા ૨૭/૦૩/૨૦૧૮નાં રોજ ચાલુ કરીને ખુડો ખેતી વાડી ફીડર માં સિંગલ ફેઇઝ પાવર સપ્લાઇ ચાલુ કરેલ છે. અરજદારના પ્રશ્ન નું નીરાકરણ કરેલ છે. | નિકાલ<br>નવા કનેકશન |
| **16** | એધુ હાજી જત મુ. પો. તલ તા. નખત્રાણા મો. ૯૫૩૭૬૫૯૭૮૫ | ઘર વપરાશ નો નવું વીજ જોડાણ મળવા અંગે | હાલમાં પીજીવીસીએલ કંપનીમાં સૌભાગ્ય યોજના હેઠળ નવા ઘર વપરાશનાં વીજ જોડાણો આપવાની કાર્યવાહી ચાલુમાં છે. અરજદારને જરૂરી આધારપુરાવા સાથે પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવા જણાવેલ છે. | | નિકાલ<br>નવા કનેકશન |
| **17** | ભાઇલાલ પી અબોટી મુ.પો. નખત્રાણા | નખત્રાણા પેવી ક માં વીજ બિલ ભરણાની બારી પર લાંબી લાઇન હોતા વધારાની બારી ચાલુ કરવી | જયારે પેટા વિભાગીય કચેરીમાં વીજ ભરણા માટે ૧૫-૨૦ જણાની લાઇન થાય છે ત્યારે ગ્રાહકોની સુવિધા માટે તાતકાલીક બીજું કાઉન્ટર ચાલુ કરવાની સુચના પેટા વિભાગીય કચેરીને અગાઉથી અપાયેલ જ છે. | | નિકાલ<br>રેવેન્યુ / બીલ |
| એકપણ રજુઆત આવેલ નથી | | | | | |
| એકપણ રજુઆત આવેલ નથી | | | | | |
| એકપણ રજુઆત આવેલ નથી | | | | | |
| એકપણ રજુઆત આવેલ નથી | | | | | |